ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



મીરાબેન શિવશંકર દવે
ફોન : ૨૩૨૨૬૩૯૫



બિપીનચંદ્ર મોહનલાલ જાની
મો. ૯૮૨૪૧ ૪૮૦૫૪



ચિરાગ જે પારેખ
મો. ૯૪૨૬૫ ૩૪૮૫૮



નીરજ મહેશ ગણાત્રા
મો. ૮૧૪૧૩ ૦૦૦૦૪



રાજ મહેશ ગણાત્રા
મો. ૮૧૪૧૩ ૦૦૦૦૪



સંકેત હેમંતભાઈ પોપટ
મો. ૯૦૩૩૦ ૨૫૨૮૩



રોનક રમેશજી ઠાકોર
મો. ૯૯૨૪૮ ૫૦૪૪૦



જ્વલંત એસ બારોટ



જૈમાલ ચિરાગ ગોહેલ
મો. ૯૯૨૪૦ ૨૪૬૫૬

# દિવાળી નિમિત્તે ગરીબોને મીઠાઈનું વિતરણ કરાયું



## વાસણા, ગુપ્તાનગર, મકરબા, નારણપુરા જેવા વિસ્તારોમાં વસતા ગરીબોને ૧૦૦ કિલોગ્રામ જેટલી મીઠાઈનું વિતરણ

ગાંધીનગર, તા. ૦૨

સમાજસેવાના ક્ષેત્રમાં ૧૦ વર્ષથી કાર્યરત આદેશ ચેરીટેબલ ટ્રસ્ટ, શાહીબાગ દ્વારા દિવાળી પર્વ નિમિત્તે ગરીબોને મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સંસ્થાના ધર્મેન્દ્રભાઈ પટેલે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે વાસણા, ગુપ્તાનગર, મકરબા, નારણપુરા જેવા વિસ્તારોમાં વસતા ગરીબોને ૧૦૦ કિલોગ્રામ જેટલી મીઠાઈનું વિતરણ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું અને તેમના ચહેરા પર ખુશી લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# શિકાગો સ્વામિનારાયણ મંદિરમાં ભવ્ય અન્નકૂટ મહોત્સવની ઉજવણી



ગાંધીનગર, તા. ૦૨

નુતન વર્ષના પ્રારંભે રાજ્યભરના મંદિરોમાં ભગવાનને છપ્પન ભોગનો અન્નકુટ ધરાવવામાં આવે જ છે, પરંતુ સાતસમુદ્ર પાર અમેરીકામાં પણ ભગવાનને અન્નકુટ ધરાવવામાં આવ્યો હતો. વિક્રમ સંવત ૨૦૭૩ના વર્ષના પ્રારંભે અમેરીકામાં આવેલા ઈટાસ્કા શિકાગો સ્વામિનારાયણ મંદિર ખાતે ભવ્યાતિભવ્ય અન્નકુટ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. શિકાગો સ્વામિનારાયણ મંદિર ખાતે આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજના આશિર્વાદ તથા મહંત સ્વામી યજ્ઞપ્રકાશદાસજી, સ્વામી શાતિપ્રકાશદાસજીની પ્રેરણાથી અન્નકુટ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. સ્વામિનારાયણ ભગવાનને સ્વાદિષ્ટ મીઠાઈઓ, ફરસાણ, સુકોમેવો સહિત અનેક વ્યંજનો ધરાવવામાં આવ્યા હતા.

આ અન્નકુટ મહોત્સવમાં મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થીત રહ્યા હતા અને ભગવાનના દર્શનનો લાભ લીધો હતો. શિકાગો સ્વામિનારાયણ મંદિર ખાતે પારંપરીક રીતે નુતન વર્ષની ઉજવણી કરવામાં આવી હતી.

## ડાયરેક્ટ ❤ સે

પથ્થરોને જે ઘડે
એ હો કલાકારો ભલે
પણ માણસને તો
ઠોકરોથી ઘડે છે પથ્થરો

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
શિવાય
૧૨.૧૫, ૩.૩૦,
૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
એ દિલ હે મુશ્કિલ
૧૨.૦૦, ૩.૦૦,
૬.૧૫, ૯.૩૦

**સ્ક્રીન-૩**
શિવાય
૧૦.૦૦
એ દિલ હે મુશ્કિલ
૧.૦૦, ૪.૦૦,
૭.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૪**
એ દિલ હે મુશ્કિલ
૧૧.૦૦
શિવાય
૨.૦૦, ૫.૧૫, ૮.૩૦

# ગોવર્ધન પૂજા અને અન્નકૂટ મહોત્સવની હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે ભવ્ય ઉજવણી







ગાંધીનગર, તા. ૦૨

ભગવાન શ્રીકૃષ્ણે ઈન્દ્રના ક્રોધ અને અત્યાચાર સામે વ્રજવાસીઓનું રક્ષણ કરવા પોતાની ટચલી આંગળી પર ગોવર્ધન પર્વત ઉંચકયો હતો. આ પ્રંસગની યાદગીરી નિમિત્તે કારતક દીપોત્સવ ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે તા. ૩૧ ઓકટોબર, ૨૦૧૬ સોમવારના રોજ ગોવર્ધન પૂજા અને અન્નકૂટ મહોત્સવ ઉજવવામાં આવ્યો જેમાં ૧૫,૦૦૦ થી પણ વધુ ભાવિભકતોએ ઉપસ્થિત રહીને આ ઉત્સવનો લાભ લીધો હતો.

ગોવર્ધનપૂજા અને અન્નકૂટ મહોત્સવની મહત્તા વિશે જણાવતા હરે કૃષ્ણ મંદિર, ભાડજના અધ્યક્ષ સ્વામી જગનમોહન કૃષ્ણ દાસાએ જણાવ્યું કે "જયારે સર્વ શક્તિમાન ભગવાન શ્રીકૃષ્ણ એ નિહાળ્યું કે વ્રજવાસીઓ ઈન્દ્રયજ્ઞ કરી રહ્યા છે. ત્યારે ભગવાનશ્રી એ કહ્યું કે તેઓએ ઈન્દ્રની પૂજા છોડી દઈને ગોવર્ધન પર્વતની પૂજા કરવી જોઈએ. આ વાત જાણીને ઈન્દ્ર ક્રોધીત થાય છે અને વ્રજવાસીઓ પર વિનાશકારી વરસાદ વરસાવે છે. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ પોતાના ડાબા હાથની ટચલી આંગળી ઉપર ગોવર્ધન પર્વતને ઉંચકી લે છે અને બધા વ્રજવાસીઓને તેની છાયામાં સતત સાત દિવસ સુધી આશ્રય આપે છે. ઈન્દ્ર પોતે કરેલ દુષકૃત્ય પ્રત્યે સભાન થાય છે અને ભગવાન શ્રીકૃષ્ણ સમક્ષ ક્ષમા યાચના કરે છે. આથી સર્વ શક્તિમાન ભગવાન જણાવે છે કે જે ભક્ત પોતાની શરણમા રહેશે તેમજ તેમની ભાવપૂર્વક ભક્તિ કરવામાં વ્યસ્ત રહેશે તે ભક્ત બધા જ બંધનથી મુક્ત થાય છે અને બીજા કોઈ દેવીદેવતાઓની સાંસારીક વસ્તુની કૃપા મેળવવા પૂજા કરવાની રહેતી નથી. આ શુભ પ્રસંગને શ્રીમદ્ ભાગવતના દશમાં સ્કંધમાં ગોવર્ધનલીલા તરીકે વર્ણવવામાં આવ્યો છે જેમાં ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે કે ગોવર્ધન પર્વત એ પોતાનું એક સ્વરૂપ છે અને મારા સમાન જ પૂજનીય છે. ભગવાન શ્રીકૃષ્ણ કરેલ અમૂર્તકલ્પનારૂપ આ લીલાની યાદગીરી રૂપે હરે કૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા વાર્ષિક ગોવર્ધન પૂજા અને અન્નકૂટ મહોત્સવની ઉજવણી મંદિર ખાતે કરવામાં આવી. જાણીતા કલાકાર રુજુલ શાહ એન્ડ ગ્રુપ દ્વારા ભગવાન શ્રીકૃષ્ણએ ધારણ કરેલ ગોવર્ધન પર્વતની મહત્તા દર્શાવતા ભજનોનું ગુણગાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સૌને આકર્ષિત અને અતિમોહક ભગવાન શ્રી શ્રી રાધા માધવને ભવ્ય પાલકીમાં શાનદાર સવારી કરાવવામાં આવી જેમાં ભકતો ભગવાન શ્રી કૃષ્ણના ગુણગાન ગાતા સંકિર્તન ગાઈને જોડાયા હતા".

કેક અને વિવિધ જાતના કૂકીસ, વ્યંજનો વગેરે દ્વારા બનાવેલ આશરે ૫૦૦ કિલોગ્રામ વજન ધરાવનાર ગોવર્ધન પર્વતની પ્રતિકૃતિ સૌના ઉલ્લાસનું કેન્દ્ર બન્યું હતુ. ગોવર્ધન પર્વત માટે ઉપયોગમાં લેવાયેલ કેક અને કૂકીસને સંપૂર્ણપણે મંદિરમાં જ ભકતો દ્વારા બનાવવામાં આવ્યા છે જે ૧૦૦ ટકા શુદ્ધ અને શાકાહારી હતું. આ ગોવર્ધન કેકને શ્રી શ્રી રાધા માધવને અર્પણ કરવામાં આવી અને મહામંગલા આરતી કરવામાં આવી. જયારે ભકતો દ્વારા ગોવર્ધન પર્વતની મહત્તાનુ વર્ણન ૮ શ્લોકમાં કરતા ગોવર્ધનઅષ્ટકમનું ગાન કરવામાં આવ્યું. ભગવાન શ્રીકૃષ્ણને ગોપાલ તરીકે પણ પૂજવામાં આવે છે જે ગાયોના રક્ષણકર્તા છે. ઉત્સવ દરમ્યાન ગૌ-પૂજા પણ કરવામાં આવી હતી. ગાયોને સુંદર રેશ્મી વસ્ત્રોથી શણગારવામાં આવી અને પરંગપરાગત રીતે ગોળ અને કેળા અપર્ણ કરવામાં આવ્યા. ભક્તોએ પણ ગાયની પૂજા-પ્રાર્થના કરી અને ગોવર્ધન પર્વતની પ્રદક્ષિણા કરી હતી. ઉત્સવના અંતમાં કેક અને બીજા વ્યંજનોને ભકતોમાં પ્રસાદરૂપે વહેંચવામાં આવ્યા. કારતક માસમાં ઉજવાતા દિપોત્સવ મહોત્સવના ભાગરૂપે અંતમાં ભગવાનની અતિભવ્ય દિપોત્સવ આરતી કરવામાં આવી જે દરમ્યાન ઉપસ્થિત સૌ ભકતોએ અલૌકિક આત્મીયતાનો અનુભવ કર્યો હતો.

# દુ:ખને સમજીને તેને સુખમાં પરિવર્તિત કરવાની કળા એ જ જીવનની સાચી રંગોળી



આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

ગુજરાતી કેલેન્ડરનુ છેલ્લું પાનુ ફરતાંની સાથે વિક્રમ સંવત ૨૦૭૨નુ વર્ષ વહી ગયું. દીપજ્યોતના ઝગમગાટ સાથે મિઠાઈ અને ફરસાણના સ્વાદને લઈને વિક્રમ સંવત ૨૦૭૩નું વર્ષ સબરસ કહેતું આંગણે આવી પણ ગયું. જસ્ટ ફોર ધ સેક ઓફ ક્લેરીટી... જરા વિચારી લઈએ કે, વિ.સં.૨૦૭૨ના આરંભે કરેલા સંકલ્પો પૈકી કેટલાં સંકલ્પો સાકાર કરતું ગયું વિ.સં.નું વર્ષ? હીમપર્વતની ટોચથી દિવસરૂપી એક-એક હીમશિલા ઓગળીને નવા અને વધુ દેદીપ્યમાન હીમપર્વતના નિર્માણ કાર્યમાં લાગી જાય છે. ખળખળ નાદ સાથે સમયનું પાણી વહેતું જાય છે. નવા વર્ષના હીમપર્વતના ટોડલે નવા ઉમંગ, નવા તરંગ અને નવા અરમાનોની વિવિધ રંગોની રંગોળી લઈને દિપાવલીના તહેવારો થનગને છે. વેપારી બંધુઓ નફા તોટાનો હિસાબ વર્ષ પુરૂ થતાં માંડે એમ સૌ કોઈએ ગત વર્ષે લીધેલા સંકલ્પો સાકાર કરવાની દિશામાં કરેલાં નિષ્ઠાપૂર્વકના પ્રયાસો અને એના પરિણામોનું આકલન કરવાનો અવસર એટલે દીપોત્સવ અને નવા વર્ષની ઉજવણી. ક્યાં હતા, ક્યાં આવ્યા અને ક્યાં જઈશુ... આ ત્રણ સવાલ અને એના જવાબ સાથે આગળ વધવાના નવા સંકલ્પ દીપોત્સવ-દિવાળીની અસલી શાન અને મજા છે.

સમય એક સાજ-વાજીંત્ર છે. એની સાથે તાલ મિલાવી દીપોત્સવના ટાણે ઊર્ધ્વગામી સંકલ્પનો શંખ ફૂંકી સમયના આ સાજને બખુબી લયબદ્ધ રીતે વગાડવાનો આ રૂપકડો અવસર આપણે પ્રતિ વર્ષ ઉજવવાનો હોય છે. જીવનની રંગોળીને રંગીન જરૂર બનાવવી છે, પણ એ રંગો કોઈ બીજો ક્યારેય ન પૂરે. લાલ, પીળા, જાંબલી, ભૂરા વગેરે અવનવા રંગો તો પોતે જાતે જ પૂરવાના રહે. દર વર્ષે નવા નવા સંકલ્પોના અવનવા રંગોથી આપણા જીવનની રંગોળીને રૂપકડી અને હસીન-રંગીન આપણે જાતે જ બનાવવાની હોય છે. જિંદગી એટલે માત્ર સમય પસાર કરવો એમ નહીં, જીવન સાર્થક લાગવું જોઈએ. જીવનમાં પસાર થવું અને જીવનને માણવું આ બે વાતમાં બહુ અંતર છે. જીવન તો ઉત્સવ જેવું હોવું જોઈએ. જીવનમાં ઉત્સવનો અનુભવ મનમાં શાંતિ અને સુખના બીજ ઉપર વિકસતો હોય છે, વિલસતો હોય છે.

દીપોત્સવ તહેવારોનો મહારાજા એટલે કહેવાય છે કે, વાઘબારસ, [illegible] દિવાળી, બેસતું વર્ષ એમ એક સાથે અનેક તહેવારો ઘરના બારણે આસોપાલવના તોરણ બનીને ઝૂલે છે. દીપોત્સવ એટલે દીવડાની હારના પ્રકાશનો ઉત્સવ. તહેવારોની હારમાળાનો અનેરો આનંદ એટલે દિવાળી. વિશ્વભરના હિંદુ પરિવારોમાં ઉજવાતા દીપોત્સવના તહેવારનો ઈતિહાસ પણ મજેદાર છે. ભગવાન શ્રીરામ રાવણ ઉપર વિજય પ્રાપ્ત કરીને અયોધ્યા પરત આવ્યા ત્યારે નગરજનોએ દીવડાઓ કતારબંધ ગોઠવીને પ્રગટાવ્યા અને ભગવાન શ્રીરામની અયોધ્યા વાપસીનો ઉત્સવ ઉજવ્યો. પ્રતિવર્ષ ઉજવાતી દિવાળીનો સંદેશ પણ એક સરસ ગુઢાર્થ સ્પષ્ટ કરી જાય છે. શ્રીરામ એટલે સત્ય, સંસ્કાર, સંયમ અને ધર્મ જ્યારે રાવણ એટલે અસત્ય, અસંસ્કાર, અસંયમ અને અધર્મ. ઉત્સવ ઉજવવાનું કારણ એ જ કે, સત્ય ઉપર અસત્યનો વિજય. અસંસ્કારને હરાવી સંસ્કારના જયઘોષનો આનંદ. સંયમનો અસંયમને દૂર હડસેલવાના ઉપક્રમને આવકાર. અધર્મ ઉપર ધર્મની ધજા ફરફર લહેરાવવાનો ઉત્સાહ. પ્રતિવર્ષ એક નવા શુભ સંકલ્પ સાથે જ્ઞાનના પ્રકાશને હારબંધ દીવડાઓની દીપશિખાના પ્રકાશથી અજ્ઞાનના અંધકારને દૂર કરવાનો તહેવાર એટલે દીપોત્સવ.

અંધકાર ઉપર ઉજાસના સામર્થ્યનો સ્વીકારનો તહેવાર દીપોત્સવની પહેચાન છે. ભારત ઉપરાંત ફીજી, ગુઆના, મલેશિયા, મોરેશિયસ, મ્યાનમાર, નેપાળ, સિંગાપુર, ત્રિનીદાદ, સુરીનેમ, ટોબાગે વગેરે રાષ્ટ્રોમાં દિવાળીના તહેવારની જાહેર રજાઓ હોય છે. દિવાળીના તહેવારની ઉજવણીની એક પરિભાષા એ પણ છે કે, દિવાળી પહેલા આખું પરિવાર ઘરના ખૂણે ખૂણાની સફાઈ કરીને આંગણાંથી માંડીને માળિયા સુધી આખું ઘર ચોખ્ખું ચણાક કરી દે છે. આ પ્રક્રિયાને અંતરના ઊંડાણથી થોડીક સમજીએ તો આ ઉપક્રમ દિવાળીના તહેવારની તાર્કિક સમજને ખૂબ સરસ રીતે સ્પષ્ટ કરી દે છે. વર્ષ દરમિયાન મનમાં પડેલા ખોટા વિચાર અને આચારના કચરાનો કાટમાળ સાફ કરી મનને ચોખ્ખું ચણાક કરવાનો અવસર એટલે દીપોત્સવનો તહેવાર.

માણસ બધું મનથી માણવા હંમેશા તત્પર હોય, પણ મનને માંજવા પ્રતિ દુર્લક્ષ સેવે છે. મનને માંજવાની તત્પરતા ખીલવવા માટે દિવાળીમાં હૃદયપૂર્વકની સજ્જતા કેળવવાની હોય છે. ખરેખર તો સુખ અને આનંદને માણવા માટે સૌથી પહેલા દુ:ખને સમજવું પડે. દુ:ખને સમજીએ તો સુખના દીવડા જીવનમાં પ્રજ્વળતાં વાર ન લાગે. સમસ્યા એ છે કે, તકલીફોને આપણે દુ:ખ સમજી લઈએ છીએ. તકલીફો સામે તાકાતથી લડવાનું છે. તકલીફોના અંધકારને હડસેલીને સમજના પ્રકાશને ઉજાગર કરવાનો છે. દુ:ખને સમજીને તેને સુખમાં પરિવર્તિત કરવાની કળા એટલે જ જીવનની સાચી રંગોળી.

સમગ્ર બ્રહ્માંડના ગુઢ રહસ્યોને સરળતાથી સમજાવતા બૃહદરણ્યકા ઉપનિષદની રૂચા દિવાળીના ઉત્સવની સાચેસાચી સમજને મન-મસ્તિસ્કમાં સ્પષ્ટ કરે છે. હે પરમ કૃપાળુ પરમાત્મા, અસત્યના અંધકારમાંથી સત્યના પરમ ઉજાસ તરફ તું મને રસ્તો બતાવીને લઈ જા, અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાનના અજવાસ તરફ મને તું દોરી જા, મૃત્યુમાંથી મને તું અમૃત તરફ લઈ જા...

ઘરે-ઘરેથી આવતી મઠીયા, ચોળાફળી, સુંવાળી, ઘુઘરાની સોડમ દિવાળીના વધામણાં આપે છે. નવા કપડાં, મજેદાર વ્યંજનો અને સૌ કોઈના મુખ પર સ્મિત દિવાળીની યશકલગી છે.

પરિવર્તન એ પ્રકૃતિનો નિયમ છે. સમય કોઈના માટે ક્યારેય રોકાતો નથી. નદીનું જળ ક્યારેય અટકે છે ખરૂં ? સૂરજના પ્રકાશનો પ્રવાસ ન રોકાય. જે સતત વહે છે, બદલાય છે, વિકસે છે એ હંમેશા વધુ જાજરમાન, રમણીય, શુદ્ધ અને સુગંધીદાર છે. નવા વર્ષની ઉષા શુભકામનાઓના સુંદર મજાના સંગીત સાથે ઊગી છે. એને પોંખીએ... પરિવર્તન સ્વીકારીએ... આગળ વધીએ... સમજ સાથે સુખ અને આનંદના રંગોની રંગોળીથી જીનનને સજાવીએ...

